Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER NO. B. 156

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

*The Jaina Dharma Prakash.*

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥

પુસ્તક ૨૧ મું. જ્યેષ્ઠ. સંવત ૧૯૬૧. અંક ૩ જો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર

વિષયાનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧ | સદુદ્યમ ઉપદેશ. | ૪૯ |
| ૨ | સ્નાન વિધિ. | ૫૨ |
| ૩ | અસલ ફકીરી. | ૫૮ |
| ૪ | પાલીતાણા દરબારની કૃતિ વિષે વિદ્વાનોના અભિપ્રાય. | ૬૦ |
| ૫ | ત્રય સમુહ. | ૬૪ |
| ૬ | પંચ પરમેષ્ઠિ જાપ મંત્ર. | ૬૭ |
| ૭ | પ્રવાસ વર્ણન. | ૬૮ |


વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચોપાનયું રખડતું મૂકીને આશાતના કરવી નહીં.

### ભેટનો નિર્ણય.

### પ્રતિક્રમણ હેતુ.

"કિંચિત્ હેતુગર્ભ પ્રતિક્રમણક્રમવિધિ" એ નામનો શ્રી જયચંદ્રગણિ કૃત ગ્રંથ કે જે જૈનબંધુઓને અત્યંત ઉપયોગી છે તેનું આદ્યંત ભાષાંતર કેટલાક વધારા સાથે તૈયાર કરીને અમે ઘણા સુંદર ટાઈપમાં છપાવવા માંડેલ છે. જેને છપાઈ રહેતાં હજુ ત્રણ માસ થશે તે પાકા બાઈંડીંગથી બંધાવીને આપવાનું મુકરર કરેલ છે પરંતુ બુકનું પ્રમાણ વધી જવાથી અને કિંમત લગભગ આઠ આના થવાની હોવાથી ગયા વર્ષની અને ચાલુ થયેલા વર્ષની ભેળી ભેટ આપવાનું મુકરર કરેલું છે. તૈયાર થયેથી તરત મોકલવામાં આવશે પણ નવા વર્ષનું લવાજમ મોકલાવવાનું ધ્યાનમાં રાખવું પડશે. ગયા વર્ષનું લવાજમ મોકલીને બંધ થયેલ ગ્રાહકોને "શ્રાવકના બાર વ્રત ઉપરની બાર કથા"ની બુક ભેટ તરીકે મોકલવામાં આવશે.

છપાઈને બહાર પડેલ છે.

### શ્રી શત્રુંજય મહાત્મ્ય.

મહાત્મા શ્રી ધનેશ્વરસૂરિ કૃત સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથનું અક્ષરેક્ષરથી થયેલું ગુજરાતી ભાષાંતર.

આ પુસ્તકની અમારી તરફથી બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામાં આવેલ છે. આવું શુદ્ધ અને સરસ ભાષાંતર જો કે પણ બીજા ગ્રંથનું થયું હોય તો ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રનું જ થયેલું છે. જે બંનેને માટે અમે પૂરતી ખાત્રી આપી શકીએ છીએ. નિર્ણયસાગરની પ્રશંસનિય છાપ, સરસ બાઈંડીંગ, ઉંચા કાગળ. કિંમત રૂ. ૨-૮-૦ સભાસદ માટે રૂ. ૧-૧૪-૦

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૧ લું અને બીજું.

કિંમત રૂ. ૨-૪-૦ પ્રકાશના ગ્રાહકોને માટે રૂ. ૧-૧૨-૦

સભાસદને માટે રૂ. ૧-૧૧-૦

સુંદર ટાઇપ, ઉંચા કાગળ, ઉત્તમ બાઈંડીંગ, શુદ્ધ ભાષાંતર

આ ચોપાનીયું અમદાવાદ—'એંગ્લો વર્નાક્યુલર પ્રિંટીંગ પ્રેસ'માં નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુજજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૧ મું. સં. ૧૯૬૧ જ્યેષ્ઠ. અંક ૩ જો.

## सदुद्यम उपदेश.

(રાગ માઢ)

**કોઇ વીરમતી ભરથાર, નિદ્રાથી જાગો હુવેરે. (એ રાગ.)**

નર નિંદરમાંથી જાગરે તુજ આયુષ્ય ઓછું થાય. **એ આંકણી.**
પળ પળ કરતાં પાણી જાશે, આયુષ્ય કેરો પાર;
જાય ક્ષણ વહી નવલખા આ, નામ પ્રભુનું સંભાર રે. **નર૦** ૧
જનમ ધરી જે જન ન કીધું, પરોપકારનું કામ;
મિથ્યા જનની ભારે મારી અસ્યા, ખાધું કર્યું જ હરામ રે. **નર૦** ૨
વામોરૂ વશ પામર પ્રાણી, પડી રહ્યો દિન રાત;
પાપ કરી કરી પિંડજ પોષ્યો, ગતી શી સારી થનારરે. **નર૦** ૩
માનવ જન્મ દુર્લભ મળીયો, ફરી નહિ મળનાર;
હાથે તે સાથે જાણી લે પ્રાણી, સુકૃત આવે સ્હાર રે. **નર૦** ૪
દાન ન દીધું શીળ ન પાળ્યું, તપ જપ ધ્યાન ન સાર;
કુડ કપટની પોટલી બાંધી, હળવી કેમ થનાર રે. **નર૦** ૫
બાજીઆટલીમાં ભમતાં ભમતાં, ભૂલો પડ્યો અપાર;

For Private And Personal Use Only

કામિની નીરખી ભાન ભૂલ્યો નર, મદ થયો ચકચૂર રે. નર૦ ૬
ખાધું પીધું ખરચ્યું હોંશે, આવ્યું ન એકે સાથ;
પુન્યપુંજ જો બાંધ્યો નહિતો, ઘસવા પડશે હાથ રે. નર૦ ૭
ધારો સહિ કે કર્મ માંડ્યું, તેહિજ નક્કી થનાર;
(પણ) શક્તિ તમારી નથી એટલી, કર્મની ગતિ કળાય રે. નર૦ ૮
ઉદ્યમ કરતાં કરતાં કદાપિ, કર્મની ગતિ કળાય;
ઉદ્યમ હીન જે પ્રાણી જગમાં, પામર માંહી ગણાય રે. નર૦ ૯
પુરૂષ પ્રયત્ન પ્રબળ છે પ્રાણી, ભુલવું નહિ લગાર;
કમર કસીને ઉદ્યમ કરો, પાપમાં ચિત ન ધાર રે. નર૦ ૧૦
કર્મ કરતાં તે સુકર્મ કરતાં, કર્મ તેવાં ફળ થાય;
આકે[1] વાવીને કોઇ દિવસ નહિ, આમ્રની[2] આશ રખાય રે. નર૦ ૧૧
આયુષ્ય થોડું કામ છે ઝાઝું, હિંમતથી સિદ્ધ થાય;
હિંમત હારી બેઠા જે નર, અગણિત ગોથાં ખાય રે. નર૦ ૧૨
દુઃખ સુખ જાણી લેવાં પ્રાણી, શરીર કેરાં ધર્મ;
શરીર છૂટયે દુઃખ સુખ છૂટે, પામે અંતે શિવ શર્મ રે. નર૦ ૧૩
સમતા સમો સુખ એકે નહિ આ, જગતમાં શોધ્યે જડનાર;
તે માટે તે સુખ મેળવવા, કરવો ઉદ્યમ સાર રે. નર૦ ૧૪
પરમ પ્રભુ કૃપાથી પામ્યો, રિદ્ધિ સિદ્ધિ ધરનાર;
અન્યને છોડી ભજ પ્રભુ પ્યારા, સ્હાય સદા એ થનાર રે. નર૦ ૧૫
ઇશ્વર પદ પ્રાપ્તિને કારણ, સત્ય સદા ચિત્ત ધાર;
હૃદય નિર્મળ થાતાં થાતાં, પ્રભુ મળતાં નહિ વાર રે. નર૦ ૧૬
રાજસી તામસી પ્રકૃતિ જ્યાં લગી, જોર કરી રહેનાર;
મોહ મહાકા બંધન ત્યાં લગી, છુટાં નહિંજ થનાર. નર૦ ૧૭
ક્રોધ માન માયાદિક પ્રકૃતિ, દુષ્ટ અને દુઃખદાય;
તેને છોડીને સાત્વિક થાતાં, સુખ સમાધિ થાય રે. નર૦ ૧૮
જાણજે ઉપરટ જગ પિંડ આ, છેજ બડો વ્યવહાર;
વ્યવહારોચિત કર્મજ કરવું, નિશ્ચય પંથે પળાય રે. નર૦ ૧૯
જુઠું બોલવું ચોરી ચાડીથી, વ્યવહાર દૂષિત થાય;

---

૧ આકડે ૨ આંબા.

શુદ્ધ વ્યવહાર પળાતાં પાળતાં, નિશ્ચય પથે પળાય રે. નર૦ ૨૦
વાંચ્યા વગર કાંઈ નથી વળવાનું, શુક જપે રામ નામ;
વાંચી વિચારી અમલ કરો, કરતાં રૂડાં કામ રે. નર૦ ૨૧
ભારતભૂમિ માતુ તારી, પુત્ર તું તેનો ગણાય;
અનિષ્ટ કોઈ વાત તારાથું, દીલ વિષે ન ધરાય રે. નર૦ ૨૨
સાવજ થઈ હવે સમય વિચારી, ગા ઉગામ કર આચાર;
દેખતાં દેખતાં આગળ જાશે, જગની નર ને નાર રે. નર૦ ૨૩
કોન્ગ્રેસ કોન્ફરન્સ દેખીઓ, આવનારી ભૂતાગ ભાંગ;
આગ્ય ખુલ્યાં એમ નાખો નાણી લે, દુઃખ દારિદ્ર ભગાય રે. નર૦ ૨૪
જગમાં જન્મી પશુ પ્રાણી પણ, આયુ પુરૂં કરનાર;
કામ કરી નર નામ રાખી જા, વધુ વદે શું થનાર રે. નર૦ ૨૫
કદંગી રીતિ રીવાજ કુરીવાનો, કરો અતિ સંહાર;
બાળ બાળાને કેળવો ભાવે, એ રાજશશીનો વિચાર રે. નર૦ ૨૬

શાહ રાયચંદ કસળચંદ.
બનારસ જૈન પાઠશાળા.

# स्नानविधि.

શ્રાવકોને દરરોજ જિનપૂજન કરવાને અવસરે દ્રવ્યસ્નાન કરવાની જરૂર પડે છે. તે સંબંધમાં કેટલેક સ્થાનકે દ્રષ્ટિ કરતાં ઘણોજ અવિવેક અને અયતના નજરે પડે છે. શાસ્ત્રકાર તો એ સંબંધમાં ખાસ કરીને સર્વ કાર્ય વિધિપૂર્વક કરવાના કહે છે, અને વિધિ બતાવે પણ છે. **શ્રી ઉપદેશ પ્રાસાદ** ગ્રંથના વ્યાખ્યાન ૧૮૮ માંમાં એ સંબંધી **સ્નાનવિધિ** બતાવેલો છે તે જૈનબંધુઓને ખાસ જાણવા લાયક હોવાથી કેટલાક વિવેચન સાથે અહીં બતાવવામાં આવેલ છે. તે વ્યાખ્યાનના પ્રારંભમાં કહ્યું છે કે–

**स्नानादि सर्वकार्याणि विधिपूर्वं विधापयन् ।**
**हिंसाभिः मनसा भिदः सर्वज्ञार्चनापरः ॥**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**-" હિંસાથી મનમાં ભય પામનો એવો શ્રાવક સ્નાનાદિ સ કાર્ય વિધિપૂર્વક કરતો સતો સર્વજ્ઞની સેવનામાં તત્પર થાય. "

**વિશેષાર્થ**—સ્નાનાદિક સર્વ કાર્યમાં ષટ્ કાય જીવો પૈકી કોઈ પા જીવની નિષ્કારણ વિરાધના થાય અથવા પ્રમાદ હોવાથી યતના ન સચવાય વિરાધના થાય તો તે હિંસામાં ગણવામાં આવે છે; અને યતનાપૂર્વક સ કાર્ય કરતો હોય તો તેના પ્રણામ નિરંતર દયા પાળવાના વર્તતા હોવાથ તેને અનુબંધ દયાનોજ પડે છે હિંસાનો પડતો નથી, તેથી જિનોક્ત વિધિપૂર્વક સર્વ કાર્ય કરવા એવો ખાસ ઉપદેશ છે. કારણ કે જેની સેવ નામાં તત્પર થવું છે અર્થાત્ જેની સેવા કરવી છે તેની આજ્ઞાનું અતિ ક્રમણ કરીને તેની પાસે જઇએ તો તે જરૂર પ્રસન્ન નજ થાય; તેમ આપણે સર્વજ્ઞ વિતરાગ ષટ્કાયના રક્ષક નિઃકારણ બંધુ એવા પરમાત્માની દ્રવ્યભાવ પૂજા કરવામાં તત્પર થવાનું હોવાથી તેમણે અર્થાત્ તેમનાં વચ અનુસાર સમુદ્ર સરખી બુદ્ધિવાળા એકાંત ઉપગારી પૂર્વાચાર્ય મહારાજાઓએ સ્નાનાદિકનો જે વિધિ બતાવેલો હોય તે અનુસાર યથાશક્તિ છતી જોગ વાઇએ પ્રવર્તવું તે આપણી ફરજ છે.

સ્નાન કેવા આસને બેસીને, કેવી જગ્યાએ, કેવા પાણીથી, કેવી રીતે કરવું તે સંબંધી સવિસ્તર કથન આ પ્રમાણે છે—

" જેની નીચે પાણી ઝીલવાનું ઠામ મૂકેલું હોય એવા વિશાળ પર નાળીઆવાળા બાજોઠ ઉપર પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ બેસી સ્નાન કરવું; સ્નાન કરવાની ભૂમિ પાંચ વર્ણની લીલફુલ, કુંથુઆ, કીડી, મંકોડ વિગેરે જીવોથી રહિત તેમજ પોલી પોચી કે કીડીના નગરાદિ ન હોય તેવી અને જે સ્થાનકે તડકો આવેલો હોય તેવી હોવી જોઇએ. તેવી જ ગ્યાએ પણ ડગમગ થતા અથવા નીચે પોલાણવાળા પથ્થરપર બાજોઠ મૂ કવો નહિ, કેમકે તેવો પથ્થર હોવાથી નીચેના જીવોનો જળવડે વિનાશ થાય છે. માટે પ્રથમ પુંજણીવડે પ્રમાર્જી ચારે બાજુ નેત્રવડે જોઇ પછી બાજો મૂકી તેના પર સ્નાન કરવા બેસવું. "

સ્નાન કરતી વખતે પોતે પ્રાતઃકાળે લીધેલા પ્રત્યાખ્યાનનો કાળ જે પૂરો થયેલો જણાતો હોય તો નવકાર ગણીને પારવું. પણ જો ઉપવાસ નું પ્રત્યાખ્યાન હોય અથવા એકાસણા વિગેરેનું હોય તો પચ્ચખ્ખાણ પારવાની કે દંતધાવન ( દાતણ ) કરવાની જરૂર નથી. કેમકે તેવા પચ્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાણવાળાની દંતધાવન કર્યા વિના પણ શુદ્ધિ છે. તપસ્યા ગહાફળનો હેતુ છે." લૌકીક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

उपवासे तथा श्राद्धे न कुर्याद्दंतधावनं ।

दंतानां काष्ठसंयोगो हंति सप्तकुलानि च ॥

" ઉપવાસ કર્યો હોય ત્યારે અને શ્રાદ્ધ હોય ત્યારે દાતણ કરવું નહિ; કારણ કે તે દિવસે દાંતની સાથે કાષ્ઠનો સંયોગ સાત કુળને હણે છે. "

આ શ્લોકની ઉપરના પારિગ્રાફમાં જે હકીકત કહી છે તે ઉપરથી ગાંભીર્ય શું શું વાત સૂચવી છે તે વિચારવાનું છે. પ્રથમ તો શ્રાવકે પ્રાતઃકાળે અવશ્ય યથાશક્તિ પ્રત્યાખ્યાન કરવું જોઇએ એમ સૂચવે છે; બીજું સ્નાન જિનપૂજનાદિ કર્યા અગાઉ ભોજન કરવું ન જોઇએ એમ પણ સૂચવે છે; અને ત્રીજું એકાસણા ઉપવાસાદિનું પ્રત્યાખ્યાન ન હોય તો યતના પૂર્વક શ્રાવકે દાતણ કરી મુખશુદ્ધિ કરવી જોઇએ એમ પણ તેમાંથી નીકળી આવે છે. હવે દાતણ કેવું જોઇએ અને તે કેવી રીતે કરવું જોઇએ તે સંબંધી પ્રસંગોપાત કહેવાશે. હાલ તો સ્નાન કરવાને સમયે પચ્ચખ્ખાણનો કાળ પૂર્ણ થયો હોય તો પ્રત્યાખ્યાન પારી મુખશુદ્ધિ કરીને પછી સ્નાન કરવું એમ કહ્યું છે. હવે સ્નાન કરવાનું જળ કેવું જોઇએ તે કહે છે—

" વસ્ત્રથી ગળેલું, ઉષ્ણ કરેલું, અચિત્ત થયેલું, પરિમિત, થોડું, શરીર ભીંજાય તેટલું, પાણીના રેલા ચાલવાથી ત્રસાદિ જીવને કિલામણા કે તેની વિરાધના ન થાય તેટલું જળ લઇ તે વડે બાહ્ય મલીનતા મળમૂત્રાદિના છાંટા વિગેરેથી કે પ્રસ્વેદાદિથી શરીરને જે કાંઇ લાગી હોય તેના નિવારણ માટે પરમપવિત્ર શ્રી જિનરાજના દેહને સ્પર્શ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવા સારૂ અને ભાવથી કામક્રોધાદિ મળને દૂર કરવા સારૂ સ્નાન કરવું."

આમાં પાણીને જે જે વિશેષણો લગાડેલાં છે તે દરેકના હેતુ છે. અણગળ પાણી લાવીને એમને એમ ઉનું કરવાનો અન્યમતિ વિગેરેમાં ઘણી જગ્યાએ રિવાજ છે, પણ તેથી તેમાં રહેલા પૂરા વિગેરે ત્રસ જીવોની વિરાધના વિશેષ થાય છે. ઉષ્ણ જળ શરીરપરનો મેલ દૂર કરવાને વિશેષ સમર્થ છે; ટાઢા પાણીમાં તેટલી શક્તિ હોતી નથી. સચિત્ત જળનો શરીર સાથે સ્પર્શ થવાથી શરીરના સંયોગવડે તે જીવોની વિરાધના થાય છે, તેથી હિંસાદોષ વધારે લાગે છે અને તે વધારે આત્મમલિનતાનું કારણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણોપેત જળની તો ખાસ જરૂર છે. તેથી જળાશયાદિમાં પડીને કે ટબમાં અથવા હોજમાં પડીને સ્નાન કરવાનો સર્વથા નિષેધ સૂચવ્યો છે. પરિમિત છતાં પણ થોડું કહેવાની જરૂર એટલા માટે છે કે ટબ વિગેરેમાં પણ પાણીનું પ્રમાણ તો બાંધી શકાય છે, તેથી તેમ ન થવા માટે થોડું કહેલું છે. તે થોડું પણ કેટલું તે જાણવા માટે કહ્યું છે કે સ્નાન કરવાની જરૂર તો શરીર ભીંજવવા માટે છે કે જેથી જે મેલ લાગેલ હોય તે તત્કાળ ધોવાઇ જાય, અથવા ભીંજાઇને નરમ પડવાથી વસ્ત્રવડે શરીર લુંછતાં જતો રહે. આજુ બાજુ પાણી ઢોળી નાખવું—પાશેર પાણી શરીર ઉપર પડે અને પાંચશેર પાણી આજુ બાજુ ઢોળાય, તેની વિનાકારણ વિરાધના લાગે, તેટલા માટે 'શરીર ભીંજાય તેટલું ' એ વિશેષણ મૂકેલું છે. છેવટે પાણીના રેલા ન ચાલવાનું કહ્યું છે તે નીચેના પાત્રમાં પાણી ઝીલવાથી ઘણે ભાગે તો બંધ થાયજ છે તોપણ લક્ષમાં રહેવા કહેલું છે.

" આવી રીતના જળવડે દ્રવ્યસ્નાન કરવાનું ગૃહસ્થને દેવપૂજા માટેજ કહેલું છે, કારણ કે તે ભાવશુદ્ધિનો હેતુ છે. અન્યત્ર સ્નાન કરવાનો નિયમ છે. " આ પ્રમાણે કહેવાથી 'દ્રવ્યસ્નાન પુણ્યને માટે છે ' એમ કહેનારના મતનો નિરાસ કરેલો છે. તીર્થસ્નાન એટલે કે તીર્થભૂમિમાં રહેલા જળાશયના જળવડે સ્નાન કરવાથી પ્રાણીની અંશમાત્ર પણ શુદ્ધિ થતી નથી. તે વિષે કાશીખંડના છઠ્ઠા અધ્યાયમાં (લૌકિક શાસ્ત્રમાં) કહ્યું છે કે—

मृदो भारसहस्रेण जलकुंभशतेन च।
न शुध्यंति दुराचाराः स्नाता तीर्थशतैरपि ॥ १ ॥
जायंते च म्रियंते च, जलेष्वेव जलौकसः।
न च गच्छंति ते स्वर्गमविशुद्धं मनोमलाः ॥ १ ॥

" હજારો ભાર માટીથી અને સેંકડો પાણીના ઘડાથી સેંકડો તીર્થોમાં નહાયા છતાં પણ દુરાચારી પ્રાણી શુદ્ધ થતા નથી. ( જો પાણીવડે નહાવાથી શુદ્ધ થવાતું હોત તો ) જળચર પ્રાણીઓ જળમાંજ જન્મે છે અને મરે છે, પણ તે મનના મેલ રહિત ન હોવાથી સ્વર્ગે જતા નથી."

જે પ્રાણીઓ પરદારાસેવન. પરદ્રવ્ય હરણ વિગેરે પાપોથી નિરક્ત હોય છે તેને માટે તેજ શાસ્ત્રમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**परदार परद्रव्य परद्रोह पराङ्मुखाः ।**
**गंगाप्याह कदागत्य, मामयं पावयिष्यति ॥**

" જેઓ પરસ્ત્રી, પરદ્રવ્ય અને પરદ્રોહથી પરાઙ્મુખ છે તેને માટે ગંગા પણ કહે છે કે તેઓ ક્યારે આવીને મને પવિત્ર કરશે ? " અર્થાત્ જે ગંગા નદી અનેક જીવોને પાવન કરનારી કહેવામાં આવે છે તે પોતે કહે છે કે ' આવા ઉત્તમ પ્રાણીઓ મારે વિષે આવીને સ્નાન કરે તો હું પવિત્ર થાઉં. ' સદાચારીનું આવું ઓહત્વ છે.

હવે પૂર્વની હકીકત સાથે સંબંધ મેળવી કોઇ પ્રશ્ન કરે કે ' પૂજાના અવસરે પણ ગૃહસ્થ સ્નાન શા માટે કરે ? કારણ કે તે અપકાય જીવોની હિંસાના હેતુભૂત છે. ' તેનો ઉત્તર આપે છે કે જેમ સમવસરણમાં રહેલા પરમેશ્વરના દેહને મળમૂત્રાદિ અપવિત્ર પદાર્થના છાંટા લાગેલા શરીરવાળો કોઇ પણ મનુષ્ય ક્યારે પણ સ્પર્શ કરતો નથી, કારણ કે તે આશાતનાનો હેતુ છે; તેની જેમ અહીં પણ સ્ત્રીની શય્યા, લઘુનીતિ આદિના છાંટા અથવા દુર્ગંધી અંગોપાંગનો સંચાર વિગેરેથી મલિન થયેલો મનુષ્યનો દેહ જિનપૂજનમાં ભાવશુદ્ધિ કરનાર થતો નથી, કેમકે તેને ' હું અપવિત્ર છું, હું અપવિત્ર છું ' એમ વારંવાર સ્મરણ થયા કરે છે, અને જો સ્નાન કર્યું હોય છે તો ' હું શુદ્ધ છું, પ્રભુ પૂજન કરવાને યોગ્ય છું ' એમ મનમાં આવવાથી ભાવની વૃદ્ધિ થાય છે. વળી સ્વચ્છ દેહવાળા દેવતાઓ પણ સ્વર્ગમાં રહેલી વાવડીઓમાં સ્નાન કરી પવિત્ર થઇને શાશ્વત જિનોની અર્ચા કરે છે; માટે મનુષ્યોને તો અવશ્ય સ્નાન કરવું ઘટે છે, પરંતુ શુદ્ધ ભાવપૂર્વક યતના સહિત સ્નાન કરવાથી મોટું ફળ પામે છે.

" જીવને નિરંતર સદ્બુદ્ધિ આપનાર અને કર્મમળને દૂર કરનાર એવું ધ્યાનરૂપ જળથી જે સ્નાન કરવું તે **ભાવસ્નાન** કહેવાય છે. "

સ્નાન કર્યા પછી શું કરવું તે કહે છે—સ્નાન કર્યા પછી નીચે કુંડીમાં આવેલું જળ તડકાવાળી જગ્યાએ પવન પુંજણીવડે જમીન પ્રમાર્જીને કોઇ ડાબા માણસ પાસે છૂટું છૂટું પરઠાવવું. એક જગ્યાએ ઢગલો કરવાની જેમ નંખાવવું નહિ.

આ પ્રમાણે દ્રવ્યસ્નાન કર્યા છતાં પણ જો શરીરપર ગુંમડાં થયેલાં હોય અને રસી કે રૂધિર સ્રવતું હોય તો તે પ્રાણીએ પ્રભુની અંગપૂજા ન કરવી, કેમકે તે આશાતનાના હેતુભૂત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋતુવંતી સ્ત્રીએ ચાર દિવસ પર્યંત દેવદર્શન ન કરવા અને સાત દિવસ સુધી જિનપૂજા ન કરવી. કહ્યું છે કે—

**तद् जिणभवणे गमणं, गिहपडिमाच्चणं च सज्झायं ।**
**पुप्फवइ त्थियाणं, पडिनिसिद्ध जाव सत्तदिणं ॥ १ ॥**

" તેથી જિનભુવનમાં જવું, ગૃહપ્રતિમાની પૂજન કરવી, અને સ્વાધ્યાય કે પઠન કરવું ઋતુવંતી સ્ત્રીને સાત દિવસ પર્યંત નિષેધ્યું છે. "

આ સંબંધમાં કેટલાક મૂઢ પ્રાણીઓ ઋતુવંતી સ્ત્રીઓને પઠન પાઠન કરવાનો નિષેધ કરતા નથી, અને તે પોતાની કલ્પનાવડે એમ કહે છે કે ' શ્રીવીર ભગવંત વિગેરેની સર્વ સાધ્વીઓ ઋતુ પ્રાપ્ત થયા છતાં પણ સિદ્ધાંતની વાંચના છોડતી નથી, કેમકે તે તો ગડગુંબડની જેમ શરીરનો ધર્મ છે. ' આવું તેઓનું કહેવું ખોટું છે, તે વિષે ગુરૂમહારાજ કહે છે કે 'આવું દૃષ્ટાંત લેવું યોગ્ય નથી, કારણ કે તીર્થંકર ભગવંતની સર્વ સાધ્વીઓ છઠ્ઠે સાતમે ગુણઠાણે વર્તતી હોવાથી તેમને એ દોષ લાગી શકતો નથી, એમ સાંભળ્યું છે. '

( ઋતુવંતી સ્ત્રી સંબંધી જિનપૂજાદિકમાં દિવસનું કાંઇક ઓછાપણું કોઇ કોઇ જગ્યાએ વાંચવા સાંભળવામાં આવેલ છે, તેથી વિવેકી જનોએ વિવેકપૂર્વક તે વ્યવહાર કરવો. )

ઉપર પ્રમાણે સ્નાન કર્યા પછી શુભ વસ્ત્રવડે અંગ લુછવું, પલાળેલું પંચીયું છોડી દઇ બીજું પવિત્ર વસ્ત્ર પહેરી લેવું, અને પગનાં તળીયાં કોરાં કરી પવિત્ર સ્થાનકે ઉત્તરાભિમુખ રહી સાંધ્યા વિનાના, ફાટેલાં ન હોય તેવાં, ઉત્તમ ધોળાં બે વસ્ત્ર ધારણ કરવાં.

આ વાક્યપરથી સાર એ લેવાનો છે કે નહાયા પછી જરા કર્કશ અને પાણી ચુસી લે તેવા વસ્ત્રવડે શરીર જરૂર લુછવું જોઇએ. કારણ કે નહાવાથી ભીનો ને પોચો થયેલો મેલ તે શિવાય જતો નથી, તેમજ પહેરેલા પંચીયાવડે શરીર લુવું તે તો તદ્દન અઘટિત છે. બીજું પંચીયું બદલીને પહેરવાનું ધાબલી વિગેરે વસ્ત્ર પવિત્ર હોવું જોઇએ, પણ ધૂળમાં રગદોળાયેલ કે પગરખાં વિગેરેમાં પડેલ અપવિત્ર વસ્ત્ર ન જોઇએ. પગનાં તળીયાં કોરાં ન કર્યાં હોય તો ભીના પગવડે ચાલવાથી જમીનપર રહેલ સૂક્ષ્મ કીડી કુંથુવા વિગેરેનો તેની સાથે ચોંટી જવાથી વિનાશ થાય છે. વળી કેટલાક પગમાં ચાખડી પહેરીને ચાલે છે, પણ કાષ્ઠપાદુકા તો સર્વથા વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જર્ય છે; કારણ કે તેનાવડે તો ઘણી જીવહિંસા લાગે છે, કેમકે તે ઘણી કઠણ હોવાથી તેની નીચે આવેલ કીડી વિગેરે બચતાંજ નથી.

પૂજા કરવા માટે કેવાં વસ્ત્ર પહેરવાં તે વિષે કહ્યું છે કે—

न कुर्यात् संधितं वस्त्रं देवकर्मणि भूमिप ।
न दग्धं न तु विच्छिन्नं परस्य तु न धारयेत् ॥

"હે રાજન! દેવપૂજાદિ કાર્યમાં સાંધેલું વસ્ત્ર વાપરવું નહિ, તેમજ દાઝેલું, ફાટેલું અને પારકું વસ્ત્ર ધારણ કરવું નહિ."

લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે—

कटिस्पृष्टं तु यद्वस्त्रं, पुरिषं येन कारितं ।
समुत्रं मैथुनं वापि, तद्वस्त्रं परिवर्जयेत् ॥ १ ॥
एकवस्त्रो न भुंजित, न कुर्याद्देवतार्चनं ।
न कंचुकं विना कार्या, देवार्चा स्त्रीजनेन तु ॥ २ ॥

"જે વસ્ત્ર એકવાર પહેરેલું હોય, જે વસ્ત્રવડે લઘુનિત વડીનિત કરી હોય કે મૈથુન સેવ્યું હોય તે વસ્ત્ર દેવપૂજનમાં તજી દેવું. ૧. વળી એક વસ્ત્ર રાખીને જમવું નહિ અને દેવપૂજન કરવી નહિ, તથા સ્ત્રી વર્ગે કંચુકી પહેર્યાવિના દેવપૂજા કરવી નહિ. ૨."

આ ઉપરથી સમજવાનું એ છે કે પુરૂષને બે વસ્ત્ર વિના અને સ્ત્રીને ત્રણ વસ્ત્ર વિના પૂજા કરવી કલ્પતી નથી. વળી **एगसाडीयं उत्तरासंगं करेइ** આવા આગમ વચનથી ઉત્તરીય વસ્ત્ર અખંડજ રાખવું, બે ખંડનું કે બે પનાનું વાપરવું નહિ.

'રેશમી વસ્ત્ર પહેરીને ભોજનાદિ કર્યા છતાં પણ તે પવિત્ર છે' એમ લોકોક્તિ છે તે પ્રમાણ નથી. બીજાં વસ્ત્રોની જેમ રેશમી વસ્ત્ર પણ ભોજનમાં કે મળમૂત્રાદિના ત્યાગ વિગેરે અશુચિના સ્પર્શથી વર્જિત રાખ્યું હોય તોજ વાપરવા યોગ્ય સમજવું. જિનપૂજાદિમાં જે વસ્ત્ર વાપરવું તે સ્વલ્પ વખતજ વાપરવું અને પરસેવો કે શ્લેષ્માદિક પૂજા માટે પહેરેલા વસ્ત્ર વડે નિવારવા નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનપુજામાં પારકું એટલે બીજાએ પહેરેલું વસ્ત્ર પણ ન પહેરવું તેમાં પણ બાળ વૃદ્ધ કે સ્ત્રી સંબંધી વસ્ત્ર એટલે તેમણે વાપરેલું કે તેમનાથી વપરાતું વસ્ત્ર તો જરૂર વર્જવું; કેમકે તે વધારે અપવિત્ર હોય છે.

એમ સાંભળીએ છીએ કે **કુમારપાળનું** પૂજા વખતે વાપરવાનું વસ્ત્ર **બાહડ** મંત્રીએ વાપર્યું; તે જોઇ રાજાએ કહ્યું કે 'મને નવું વસ્ત્ર આપો.' તેણે કહ્યું—'નવું દુકુળ વસ્ત્ર તો **સપાદલક્ષ** દેશમાં **બંબેરાપુરી**માં નિપજે છે. તે પણ ત્યાંનો રાજા એકવાર પોતે વાપરી તુચ્છ કરીને પછીજ બહાર ગામ મોકલવા દે છે. રાજાએ બંબેરાનગરીના રાજા પાસે વગર વાપરેલું એક વસ્ત્ર માગ્યું. તેણે ન આપ્યું એટલે કુમારપાળ રાજાએ કોપાયમાન થઇ બાહડ મંત્રીને સૈન્ય સહિત તેનાપર ચડાઇ કરવા મોકલ્યો. તે ૧૪૦૦ સાંઢણીઓ ઉપર સુભટોને બેસારી તત્કાળ આવ્યો, અને રાત્રિએ બંબેરા નગરીને ઘેરી લીધી. તે રાત્રિએ ૭૦૦ કન્યાઓનો વિવાહ હતો, તેથી તેને વિઘ્ન ન થવા માટે તે રાત્રિ વ્યતિક્રમવા દઇને સવારે કિલ્લો લઇ લીધો. દંડમાં સાતકોટિ સોનૈયા ને ૧૧૦૦ અશ્વ લીધા, અને ગઢને ઘંટીવડે ચૂર્ણ કર્યો; તેમજ તે દેશમાં કુમારપાળ રાજાની આજ્ઞા પ્રવર્તાવી, ૭૦૦ સાળવીઓને મહોત્સવ સહિત પાટણમાં લઇ આવ્યો પછી તેમની પાસે નવાં વસ્ત્રો વણાવીને દરરોજ કુમારપાળ રાજા પૂજા વખતે નવું નવું વસ્ત્ર વાપરવા લાગ્યા.

ઉપરની હકીકત ઉપરથી પૂજામાં વસ્ત્ર કેવાં વાપરવાં તે લક્ષમાં લેવું. વસ્ત્ર પહેર્યા પછી જિનપૂજા કેવી રીતે વિધિ સંયુક્ત કરવી તે પ્રસંગે લખશુ; હાલ તો સ્નાનવિધિ અને તે પ્રસંગે આવેલી વસ્ત્રધારણવિધિ લખી છે તે ઉપર જૈનબંધુઓ ધ્યાન આપશે એમ ધારી આ લેખ પૂર્ણ કર્યો છે.

## અસલ ફકીરી.

( લેખક મુનિગુણમકરંદાભિલાષી કર્પુરવિજયજી. )

સાચી ફકીરી કહો કે સાચું સાધુત્વ કહો; તે સાંપડવું જીવને બહુ દુર્લભ છે, કેમકે જ્યારે સર્વ ઉપાધિને જલાંજલિ દઇ પોતાના મન, વચન અને કાયાને અવંચકપણે અધ્યાત્મ-યોગની પુષ્ટિ માટેજ પ્રવર્તાવવામાં આવે ત્યારેજ ખરી ફકીરીની લહેજત આવી શકે છે. ઉપાધિ મુક્ત થયેલા ખરા ફકીર ફીકર સાથે કેવો સંબંધ ધરાવે છે તે આ નાનકડા ફકરાથી સ્પષ્ટ જણાશે.

For Private And Personal Use Only

ફીકર સબકું ખા ગઈ, ફીકર સબકા પીર;
ફીકરકી ફાકી કરે, સોઇ એક ફકીર.

માથું મુંડાવ્યું પણ મન મુંડાવ્યું નહિ તો તેથી શું વળ્યું ? યોગ લીધો પણ ભોગ ન વમ્યો તો તેથી શું કમાણા? ખરૂં જોતાં તો પાત્રતા વિના યોગ ભજતો જ નથી, પણ ઉલટી વેષવિડંબણા કરી સ્વપરના અહિતની વૃદ્ધિ જ કરાય છે. આવી દાંભિક ક્રિયા, પથ્થરની નાવડીની જેમ સ્વપરને બુડાડનારી જ થાય છે, છતાં આ વિષમકાળયોગે કઇક જડભરતો એવો પણ વ્યાપાર લઇ બેઠા છે. તેમાં તેના કઠોર પરિણામોને શો લાભ હશે એવી થતી શંકાનું સમાધાન શ્રીમદ્ યશોવિજય મહારાજ અધ્યાત્મસારમાં કરે છે.

**स्वदोषनिन्हवो लोक—पूजा स्याद् गौरवं तथा ।**
**इयतैव कदर्थ्यंते, दंभेन बत बालिशाः ॥**

" પોતાના દોષો ઢંકાય તથા લોકમાં પોતાની પૂજા-સત્કાર અને મોટાઇ થાય; ફક્ત એટલામાટે જ મુર્ખ શિરોમણિભૂત દંભી લોકો દંભવડે કદર્થના પામે છે તે ખેદની વાત છે. " વળી કહ્યું છે કે-" ભૂમિપર શયન કરવું, ભિક્ષા માગી ભોજન કરવું, જીર્ણપ્રાય વસ્ત્ર પહેરવાં તથા કેશનો લોચ કરવો એ સર્વ કરવું સાધુને સુકર છે; પણ એકજ દંભ ( માયા-કપટ )નો ત્યાગ કરવો દુષ્કર છે. અને જ્યાં સુધી દંભ ન તજ્યો ત્યાં સુધી કરવામાં આવતી સર્વ કષ્ટકરણી ફોકટ છે. " મોટાં મોટાં નામ ધારણ કરીને તથા અમુક અમુકના શિષ્ય કહેવરાવીને કેવળ સ્વપરને કલંકિતજ કરાય છે. જ્યારે અસલ ફકીરીની કિંમત બુઝીને ચક્રવર્તીઓ પોતાના છ ખંડના સામ્રાજ્યને તજી યોગસામ્રાજ્ય ભજતા, અને પોતાના દેહપર પણ મમત્વ નહિ ધરતાં અખંડ વ્રતને સેવતા; ત્યારે આજકાલ જાગતા અને જાગેલા કેટલાક માયાદેવીના ઉપાસકો કેવળ તેથી ઉલટુંજ-અનર્થકારી કામ કરતા દીસે છે. ધર્મનો ડોળ ધારી અનેક મુગ્ધ અને મુગ્ધાઓને પાશમાં પાડી પોતાની નીચ ' સ્વાર્થવૃત્તિ ' સાધવા મથન કરે છે. આ કેવી શરમની વાત છે ? આ કેવું કાયરપણું અને બાલબ્રિનંદીપણું કહેવાય ? કેવળ પોતાની નામ કિર્તિલાલસાને તૃપ્ત કરવા પોતાના ગુરૂ પ્રમુખનો અનાદર કરી સ્વચ્છંદપણે વર્તી શાસ્ત્ર વિરૂદ્ધ આચાર ઔપરિગ્રહવાદિને સેવતા ઉચ્છૃંખલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' સાધુ નામ ધારીને ' ઘટિત શિક્ષા કરવા દરેક જૈન બચ્ચાની ફરજ છે; તેમ છતાં તેવા એ શરમ-નિર્લજ્જ-નષ્ટ લોકોને પુષ્ટિ આપવી તે તો પ્રગટ પાપને પુષ્ટિ આપવા બરોબરજ હું સમજું છું. આવા વેષવિડંબક, વિષય લંપટ અને મુગ્ધ જનવિપ્રતારક ( વંચક ) દંભી વર્ગને તથા તેવા પવિત્ર શાસ્ત્રવિરૂદ્ધ વર્તનાર વર્ગની મુગ્ધતાથી પુષ્ટિ કરનાર મુગ્ધ જનોને અસલ ફકીરીનું સંક્ષિપ્ત બયાન આપવા અને તે દ્વારા તેમનું કંઇ પણ ભાગ્ય હોય તો તેમને જાગૃત કરવા **શ્રી ચિદાનંદજી** મહારાજે ગાએલું પદ અહીં ટાંકું છું:-

**અવધૂ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઈ. એ આંકણી.**
**સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;**
**અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઈ. અવધૂ૦ ૧**
**રાવ રંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;**
**નારી નાગણીકો નહીં પરીચય, તો શિવમંદિર દેખે. અવધૂ૦ ૨**
**નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;**
**તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અવધૂ૦ ૩**
**ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;**
**અપ્રમત્ત ભારંડ પરેં નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અવધૂ૦ ૪**
**પંકજ નામ ધરાય પંકશું, રહત કમલ જિમ ન્યારા;**
**ચિદાનંદ ઇસ્યા જન ઉત્તમ, સો સાહેબકા પ્યારા. અવધૂ૦ ૫**

આવી ઉમદા ફકીરી વિના જન્મારો નકામો સમજવો. આત્મગત-સ્તનવત્ સાચી ફકીરીને કોટિશઃ ધન્યવાદ અને કૂડી ફકીરીને કોટવાર ધિક્કાર હો ! !

---

# પાલીતાણા દરબારની કૃતિ વિષે વિદ્વાનોના અભિપ્રાય.

હાલમાં પાલીતાણા દરબાર તરફથી ચલાવવામાં આવતી શત્રુંજય તીર્થની આશાતનાના સદ્ભાવવાળી કૃતિના સંબંધમાં અનેક ન્યુસપેપરવાળાઓએ પોતાના સ્વતંત્ર અભિપ્રાય દર્શાવેલા છે. તેમાંના ગુજરાતી, સાંજવર્તમાન, મુંબઇસમાચાર, મુસાફર ( ટચાક ) વિગેરે મુંબઇ ઇલાકામાં પ્રગટ થતા પત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો બહુધા આ ભાગમાં વંચાય છે તેથી તેમાંના લેખો પ્રગટ કરવાની આવશ્યકતા નથી, પરંતુ કલકત્તામાં પ્રગટ થતા અને દેશપ્રસિદ્ધ, અદ્વિતીય વક્તા, હિંદના પરમ હિતચિંતક તેમજ દીર્ઘદષ્ટિવાન **બાબુ સુરેંદ્રનાથ બેનરજીની** દેખરેખ નીચે ચાલતા 'બંગાળી' પત્રમાં તે સંબંધમાં હાલમાં એક લેખ આવેલો છે તે અમારા વાંચક વર્ગનેજ નહીં પણ નામદાર પાલીતાણા દરબાર અને શ્રાવક સમુદાયના આગેવાનોને જાણ થવાને ખાતર અસલ ઇંગ્રેજીમાં તેના ભાષાંતર સહિત આ નીચે પ્રગટ કરવામાં આવેલ છે. આશા છે કે વાંચક વર્ગ તેનો યોગ્ય ઉપયોગ કરશે.

( "Bengali"—Saturday, May 6th 1905. )

## THE CHIEF OF PALITANA AND JAIN COMMUNITY.

It is an open secret that the relation between the Thakor Saheb of Palitana and the Local Jain Community have been somewhat strained of late. We do not know which side is to blame for this unfortunate breach, but it appears that Thakor Saheb has lately been pursuing a course which can not fail to widen the little rift in the lute. The Jains have their sacred temples on the Shatrunjay Hill, and in accordance with the custom which has prevailed, since the foundation of temple, visitors are required to take off their leather shoes and put on canvas shoes before entering the temples. Now it appears that the Thakor Saheb has taken it into his head to wound the religious susceptibilities of the Jain Community by instructing those of his guests who may desire to visit the temples not to take off their leather shoes, when entering the temples. As the Thakor Saheb is supposed to be a Hindu, surely he ought not to know better than to instigate the commission of such a sacreligious act.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



During the past two or three months, there has been a succession of cases of this character, from which we are forced to draw the inference that the Thakor Saheb is determined to exasperate the Jain Community. The first case was that of Mr. Lambert, who refused to comply with the request of the temple authorities to take off his leather shoes, when entering the temples. The next case was that of Sir Bhalchandra Krishna who refused to take off his shoes, saying that as he was a guest of the Thakor Saheb and that the latter had expressly forbidden him to take off his shoes when entering the temples, he could not comply with the request of the temple authorities, without disobeying his host. We confess we had expected better things from a man of Sir Bhalchandra's position and unimpeachable orthodoxy. We next come to the case of Mr. Chichgor, a Parsi Journalist of Bombay and another guest of Thakor Saheb who likewise refused to take off his shoes and put on canvas shoes when he visited the temples. Finally there was the case of Prince Ranjitsinghji, the famous cricketer and his companions some of whom were Europeans who were also the guests of Thokor Saheb, and who refused to remove their leather shoes, with the result that the gates of the temples were shut against them and they had to go away without being allowed to see anything. It appears that every one of those visitors stated that their refusal to comply with the request of the temple authorities was due to the express instruction they had received from their host. We should like to know what Thakor Saheb has to say

For Private And Personal Use Only

in his defence. We have no hesitation in saying that conduct such as he has been charged with is unwor hy of one in his exalted position and betrays a petty-mindedness of which every man in humbler stations ought to be heartily ashamed. As we have already said, we know nothing about the cause of his difference with Jain Community But whatever the cause might have be n, he is not surely warranted in doing a thing, wh ch, he must know, can not fail to wound the religious feelings, not merely of the Jains of Palitana, but we may say, of the entire Jain Community of India. Even Viceroys and Licutenant Governors have to respect the religious feelings or prejudices, if that word would be more acceptable to Thakor Saheb, of the people and we can assure him that he has been singularly ill advised in pursuing a course which so richly deserves the condemnation of all right-thinking men and may perhaps even bring down upon his head the censure of Government.

## બાબુ સુરેંદ્રનાથ બેનરજીના એડીટરપણા નીચે ચાલતા 'બંગાલી' પત્રમાં આવેલા ઉપરના લીડરનું ભાષાંતર.

## પાલીતાણાના રાજા અને જૈનકોમ.

પાલીતાણાના ઠાકોર સાહેબ અને જૈનકોમ વચ્ચેનો સંબંધ થોડા વખત થયાં કેટલેક અંશે ઓછો થતો માલુમ પડે છે. આ કમનસીબ બંગ માટે કોણ ભૂલ કરે છે તે અમો જાણતા નથી, પણ એવું જણાય છે કે ઠાકોર સાહેબે લજાણા એવો રસ્તો લેવા માંડ્યો છે કે આખરે તેઓ વચ્ચેનો આ નાનો કજીઓ મોટું રૂપ લેશે. શત્રુંજય પર્વત ઉપર જૈનોનાં પવિત્ર દેરાં આવેલાં છે. તે દેરાં બંધાયાં ત્યારથી જે રિવાજ પ્રવર્તે છે તદનુસાર જ્યારે દેરામાં પ્રવેશ કરતા હોય તો પહેલાં મુલાકાત લેનારાઓને પોતાના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચામડાના જોડા કાઢી નાખી કેનવાસના જોડા પહેરવા પડે છે, હવે પોતાના જે પરોણાઓ આ દેરાંની મુલાકાત લેવાને ઇચ્છે તેઓને દેરામાં દાખલ થાય ત્યારે પોતાના ચામડાના જોડા નહિ ઉતારવાનું શીખવીને જૈનકોમની ધાર્મિક લાગણી દુઃખવવાનું ઠાકોર સાહેબના મગજમાં આવ્યું હોય એમ દેખાય છે. ઠાકોર સાહેબ એક હિંદુ હોવાથી આવું ધર્મ વિરૂદ્ધ કાર્ય કરવાની ઉશ્કેરણી આપવા કરતાં વધારે સારૂં શું છે તે ખરેખર જાણતા ન હોવા જોઇએ. છેલ્લા બે અથવા ત્રણ મહિના દરમીયાન આવી જાતના ઉપરા ઉપરી ઘણા કેસો બનેલા છે, જે ઉપરથી અમને આવું અનુમાન કરવાની ફરજ પડે છે કે ઠાકોર સાહેબે જૈનકોમને ઉશ્કેરવાનો નિશ્ચય કીધો છે. આમાં પહેલો બનાવ **મી. લેમ્બર્ટ**નો બન્યો હતો; જેણે દેરામાં પ્રવેશ કરતી વખતે પોતાના ચામડાના જોડા ઉતારવાની દેરાસરના સત્તાધીશોની વિનંતિ સ્વીકારવાની ના પાડી હતી. ત્યાર પછી બીજો બનાવ **સર ભાલચંદ્ર**ની બાબતમાં બન્યો છે; જેણે "હું ઠાકોર સાહેબનો પરોણો છું, અને તેણે દેરામાં પેસતી વખતે જોડા નહિ કાઢવાની મને ખસુસ કરીને ભલામણ કરેલી છે, તેથી હું મારા નિમંત્રક ( host )નો અનાદર કર્યા શિવાય દેરાના સત્તાધીશોની વિનંતિ સ્વીકારી શકીશ નહિ " એમ કહી પોતાના જોડા ઉતારવાની ના પાડી હતી. અમે કબુલ કરીએ છીએ કે **સર ભાલચંદ્ર** જેવી વર્તણુકના અને અકલંકિત ધર્મની દૃઢતાવાળા માણસ પાસેથી અમે વધારે સારી વર્તણુકની આશા રાખી હતી. પછીનો બનાવ મુંબઇના એક પારસી પત્રકાર **મી. ચીચગર**ના સંબંધમાં બન્યો છે, જેણે પણ તેજ પ્રમાણે દેરામાં પ્રવેશ કરતાં ચામડાના જોડા ઉતારી કેનવાસના જોડા પહેરવાની ના પાડી હતી. છેલ્લો બનાવ પ્રખ્યાત ક્રીકેટીયર **પ્રીન્સ રણજીતસિંહજી** અને તેના મિત્રો કે જેમાંથી કેટલાએક યુરોપીયન હતા અને જેઓ પણ ઠાકોર સાહેબના પરોણા હતા તેના સંબંધમાં બન્યો છે; જેઓએ પોતાના જોડા ઉતારવાની ના પાડી હતી અને તેથી પરિણામ એ આવ્યું કે તેઓની સામે દેરાનાં બારણાં બંધ કરવામાં આવ્યાં, અને કાંઇ પણ જોયા વિના તેઓને નીચે જવું પડયું. આ ઉપરથી એમ માલુમ પડે છે કે આ મુલાકાત લેનારમાંથી દરેકે કહ્યું કે દેરાના સત્તાધીશોની વિનંતિ માન્ય કરવાની તેઓની આનાકાની તેમના નિમંત્રક તરફથી જે શીખવણી તેમને મળી હતી તેને લઇનેજ હતી. ઠાકોર સાહેબને પોતાના બચાવમાં શું કહેવાનું છે તે જાણવાને અમે ઇચ્છાએ છીએ. અમને કહે-

For Private And Personal Use Only

વાને જરા પણ આંચકો લાગતો નથી કે જે વર્તણુકને માટે તેના ઉપર દોષ મુકવામાં આવ્યો છે તે તેના જેવી ઉચ્ચ પદવીના મનુષ્યને અનુચિત છે અને એવું ક્ષુદ્ર મન દર્શાવે છે કે તેમના કરતાં હલકી સ્થિતિવાળા દરેક મનુષ્યે પણ અંતઃકરણથી શરમાવું જોઇએ. અમે આગળ જણાવી ગયા છીએ તેમ જૈનકોમ સાથેના તેના મતભેદના કારણ સંબંધી અમે જરા પણ જાણતા નથી; પણ કારણ ગમે તે હોય છતાં તેણે જાણવું જોઇએ કે જે કાર્ય કરવાથી પાલીતાણાનાજ નહિ પણ આખા હિંદુસ્તાનના જૈનવર્ગની ધાર્મિક લાગણી દુઃખાયા વિના રહેશે નહિ એવું કાર્ય કરવાને પોતે કોઇ પણ **રીતે** વ્યાજબી નથી. વાઇસરાયો અને લેફટેનન્ટ ગવર્નરોને પણ લોકોની ધાર્મિક લાગણીઓ અથવા જુસ્સા ( ઠાકોર સાહેબને તે શબ્દ વધારે માન્ય હોય તો ) ને પણ માન આપવું પડે છે; અને અમે તેને ખાત્રીથી કહીએ છીએ કે જે રસ્તો સર્વ સત્ય વિચાર કરનાર મનુષ્યના ધિક્કારને સંપૂર્ણ રીતે પાત્ર થાય અને તેથી કદાચ ગવર્નમેન્ટ તરફથી પોતાના ઉપર ઠપકો પણ આવી પડે એવો રસ્તો ગ્રહણ કરવામાં તેમને સર્વાંશે ખોટી સલાહ મળેલી છે.

---

# त्रय समूह[1].

## ( TRIADS )

hree things to love—Courage, Gentleness, Affection.

સ્નેહનીય ત્રય— હિંમત, નમ્રતા, પ્રેમ.

hree things to admire—Intellectual power, Dignity, Gracefulness.

પ્રશંસનીય ત્રય— જ્ઞાનોત્કર્ષ, પ્રૌઢતા, સુંદરતા.

hree things to hate—Cruelty, Arrogance, Ingratitude.

તીરસ્કરણીય ત્રય— નિર્દયતા, ગર્વ, કૃતઘ્નતા.

---

૧ માર્ચ મહિનાના C. H. C. Magazine ઉપરથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Three things to despise—Meanness, Affectation, Envy.
અવગનનીય ત્રય— નીચતા, મિથ્યા ગૌરવ, ઇર્ષા.

Three things to reverence-Religion, Justice, Self Denial.
પૂજનીય ત્રય- ધર્મ, ન્યાય, આત્મ ભોગ.

Three things to delight in-Beauty, Frankness, Freedom.
આહ્લાદનીય ત્રય- લાવણ્ય, નિષ્કપટતા, સ્વાધીનતા.

Three things to wish for-Health, Friends, a Cheerful spirit.
એષણીય ત્રય- આરોગ્યતા, મિત્ર, સાનંદ સ્વભાવ.

Three things to pray for-Faith, Peace, Purity of heart.
પ્રાર્થનીય ત્રય- શ્રદ્ધા, શાંતિ, અંતઃશુદ્ધિ.

Three things to esteem—Wisdom, Prudence, Firmness.
બહુ માનનીય ત્રય— પ્રજ્ઞા, દીર્ઘ દૃષ્ટિ, દૃઢતા.

Three things to like-Cordiality, Good humour, Mirthfulness
અભિલષણીય ત્રય- સુશીલતા, સુસ્વભાવ, આનંદ.

Three things to suspect-Flattery, Hypocrisy, Sudden Affection
શંકનીય ત્રય- ખુશામત, ઢોંગ, આકસ્મીક હેત.

Three things to avoid-Idleness, Loquacity, Flippant Jesting
દૂરીકરણીય ત્રય- આળસ, મુખરતા, અતિ હલકી મશ્કરી

Three things to cultivate-Good Books, Good Friends, Good deeds
અભ્યસનીય ત્રય- સદ્ગ્રંથ, સન્મિત્ર, સત્કાર્ય.

Three things to contend for—Honour, Country, Friends
યતનીય ત્રય— કીર્ત્તિ, દેશ, મિત્ર.

Three things to govern—Temper, Impulse, Tongue.
શાસનીય ત્રય— સ્વભાવ, આવેગ, જિહ્વા.

Three things to be prepared for—Sorrow, Decay, Death
સજ્જીભવનીય ત્રય— શોક, નાશ, મૃત્યુ.

N. G. K.

For Private And Personal Use Only

# पंच परमेष्ठी जाप यंत्र.

આ યંત્રમાં એવી ગોઠવણ કરવામાં આવી છે કે વચ્ચે લખેલ 'અ' થી જુદી જુદી '૨૭૦' રીતે 'અર્હંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય સાધુભ્યો નમઃ' એ જાપ વાંચી શકાશે. રમુજ સાથે પંચ પરમેષ્ઠીના જાપનું આ અનુપમ સાધન છે.

મૌક્તિક.

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મઃ | ન | ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો | ન | મઃ |
| ન | ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો | ન |
| ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો |
| ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ |
| સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા |
| ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | ત | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય |
| ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | ત | હં | ત | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા |
| પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | ત | હં | અ | હં | ત | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા |
| ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | ત | હં | ત | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા |
| ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | ત | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય |
| સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | સિ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા |
| ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | દ્ધ | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ |
| ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | આ | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો |
| ન | ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ચા | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો | ન |
| મઃ | ન | ભ્યો | ધુ | સા | ય | ધ્યા | પા | ઉ | ર્ય | ઉ | પા | ધ્યા | ય | સા | ધુ | ભ્યો | ન | મઃ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रवास वर्णन.

( અનુસંધાન પૃષ્ઠ ૪૮ થી. )

## ધોરાજી.

પોરબંદરથી જામનગર જતાં માર્ગમાં ધોરાજી સ્ટેશન આવે છે. ત્યાં ઉતરવું થતાં ત્યાં પણ શ્રી સંઘની મીટીંગ ત્યાંના મુખ્ય **ડાક્ટર શેપકરણ સોભાગચંદ,** એલ. એમ. એન્ડ એસ. ના પ્રમુખપણા નીચે મેળવવામાં આવી. કોન્ફરન્સ સંબંધી ભાષણ આપતાં તેમજ ત્યાંના સંઘને લગતી કેટલીએક બાબતમાં વિવેચન કરતાં અને પ્રમુખસાહેબ તરફથી તેને ટેકો મળતાં ત્યાંના સંઘના આગેવાનોએ નીચે પ્રમાણેના ૪ લેખી ઠરાવો કર્યા.

૧ કોન્ફરન્સના સુકૃત ભંડારમાં ઘરદીઠ ચાર આના દર વર્ષે મોકલવા.

૨ જે વરકન્યા ખાસ ધોરાજીમાં પરણતા હોય તેના લગ્ન જૈનવિધિ પ્રમાણે કરવા.

૩ સ્વામીવચ્છળના જમણમાં સંચાની પરસુદી વાપરવાનું બંધ કરવું.

૪ દેરાસર વિગેરેનો વહીવટ સંભાળવા માટે કમીટી નીમવામાં આવી, અને તેણે તમામ વહીવટ યોગ્ય રીતે કરવાનું ઠરાવ્યું.

વિદ્યાશાળામાં અભ્યાસ કરતા બાળક અને બાળકીઓના અભ્યાસ તપાસી તે સંબંધમાં કેટલીક સૂચના કરવામાં આવી.

**વકીલ નાગજીભાઈ મદનજીનું** અહીં મળવું થયું. તેમની મુલાકાતથી જુનાગઢ ( ગિરનાર ) કેસની માહિતીમાં વિશેષ અજવાળું પડ્યું, અને તે સંબંધમાં કેટલીક ગોઠવણ કરવામાં આવી.

ડાકટર સાહેબ શેપકરણભાઈ શ્રી જૈનધર્મ પ્રસારક સભાના લાઈફ મેમ્બર થયા.

## જામનગર,

ધોરાજીથી જામનગર જતાં માર્ગમાં **ગોંડલ** અને **રાજકોટ**માં જિનમંદિરના દર્શનનો લાભ લીધો હતો; પરંતુ ત્યાં વધારે રોકાણું ન થવાથી વિશેષ કાંઈ બની શક્યું નહિ.

જામનગરમાં **મુનિરાજ શ્રી મણિવિજયજી મહારાજ** પધારેલા હોવાથી તેમના વ્યાખ્યાનમાં સંખ્યાબંધ સ્ત્રીપુરૂષો આવતાં હતાં. ઉપરાંત ફાલ્ગુન શુદિ ૧૪ ( ચોમાસી ચૌદશ ) નો દિવસ હોવાથી અને વ્યાખ્યાનના મધ્ય ભાગમાં ભાષણ થવાનું છે તે વાત પ્રથમથી પ્રસિદ્ધિમાં આવેલી હોવાથી વ્યાખ્યાનશાળા બહુ વિશાળ છતાં સંકીર્ણ થઈ ગયેલી જણાતી હતી. મનુષ્યો સમાઈ શક્યું નહોતું. મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજે પ્રોઢિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણાવ્યા બાદ તેઓ સાહેબની આજ્ઞા લઇ ભાષણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. ભાષણની અંદર કોન્ફરન્સે લીધેલા દરેક વિષયને સારી રીતે ચર્ચવામાં આવ્યા હતા. ભાષણને અંતે સુકૃત ભંડાર સંબંધી યોજનાના સંબંધમાં સંઘ મોહની વીશાશ્રીમાળી તથા વીશાઓસવાળ જ્ઞાતિએ જુદા જુદા એકઠા થઇને ઠરાવ કરવાનું મુકરર કર્યું હતું. ત્યારપછી તે સંબંધમાં પ્રેરણા પણ કરવામાં આવી છે, પરંતુ તે બાબતનો ઠરાવ થયાના ખબર મળ્યા નથી, તે મળવા માટે જામનગરના શ્રી સંઘને આ લેખથી ફરીને યાદ આપવામાં આવે છે.

અહીં જૈનશાળા માટે **હરજી જૈનશાળા** નામનું બહુ સુંદર ને વિશાળ મકાન છે. બીજી વ્યાખ્યાનશાળા એક શ્રાવીકા તરફથી હાલમાં બંધાવવામાં આવેલ છે. તે પણ બહુ સુંદર છે. અહીંનાં દેરાસરો તો અવધિ છે. નવ મંદિરો પૈકી **રાજશીશા** અને **વર્દ્ધમાનશાનાં** કરાવેલાં દેરાસરોની શોભા તો વર્ણવી શકાય તેમ નથી. આ ખરેખરૂં યાત્રાસ્થળ છે. હાલમાં આરસ તથા રંગ વિગેરેનું કામ તાજું થએલું હોવાથી મુખ્ય મંદિરોની શોભામાં ઘણી વૃદ્ધિ થઇ છે. દર્શન કરીને ચિત્તને ખરેખરો આહ્લાદ થાય તેમ છે. પુણ્યવંત પુરૂષોએ જિનચૈત્ય બંધાવવામાં ઉદાર દિલથી ખર્ચ કરેલો જણાઇ આવે છે. બીજાં પણ શેઠ વિગેરેનાં કરાવેલાં જિનમંદિરો સુંદર હોવા સાથે રમણીક છે.

જૈન બાળકો અને કન્યાઓ અહીં સારી સંખ્યામાં અભ્યાસ કરે છે. અભ્યાસ સંતોષકારક છે. બંને શાળાની સારી રીતે તપાસણી કરવામાં આવી અને કન્યાઓના સંબંધમાં કેટલીક ખાસ વ્યવહારિક સૂચનાઓ કરવામાં આવી.

અહીંના રહીશ **ચતુર્ભુજ ગોવિંદજી** વકીલ પાંજરાપોળ વિગેરે દરેક ધર્માદાકાર્ય તરફ સારૂં લક્ષ આપે છે. આપણા વર્ગમાં તેઓ પ્રિય થઇ પડેલા છે. તેઓ શ્રી જૈનધર્મ પ્રસારક સભાના મેમ્બર છે. ઉપરાંત અહીં ખાતેથી **શેઠ કસ્તુરભાઇ કસળચંદ** લાઇફ મેમ્બર થયા, અને **માસ્તર જગજીવનદાસ મુળજી**, બી. એ. બી. એસ. સી. તથા **શા રૂપશી જેઠાભાઇ** જેઓ હાલ કલકત્તે રહે છે તેઓ વાર્ષિક મેમ્બર થયા.

---

## પેથાપુર પ્રાંતિક જૈન કોન્ફરન્સનો સંક્ષિપ્ત હેવાલ.

વૈશાક શુદિ ૭-૮-૯ તા. ૧૧-૧૨-૧૩ મી મે, ગુરૂ. શુક્ર ને શનિવારે શ્રી **પેથાપુર** ખાતે ઉત્તર ગુજરાતની પ્રાંતિક કોન્ફરન્સ **મી. ગુલાબચંદજી** ઢઢ્ઢા એમ. એ. જયપુરનિવાસીના પ્રમુખપણા નીચે મળી હતી. ખાસ ગરમીના દિવસો હતાં ડેલીગેટોની સંખ્યા સારી એકત્ર મળી હતી. એકંદર ૭૦૦ ડેલીગેટો અને ૩૦૦ સ્ત્રી ડેલીગેટો ઉપરાંત બીજા વીઝીટરો આવ્યા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. સોફુટ ચોરસ મંડપ નાખ્યો હતો. મંડપની શોભા બહુ એ ફકરી હતી એ બાજુના મુખ્ય મુખ્ય અધિકારીઓ તથા નામાંકિત ગૃહસ્થોએ તેમાં ધારી લાભ લીધો હતો. આવકાર દેનારી કમીટીના પ્રમુખ **વકીલ ફતેચંદ રામચંદ** તથા **વકીલ ડાહ્યાભાઇ હુકમચંદે** સારો પ્રયાસ કર્યો હતો ડેલીગેટોની આગતસ્વાગતાનું કામ સારૂં બજાવ્યું હતું. શ્રી અમદાવાદથી **શેઠ લાલભાઈ દલપતભાઇ**એ પણ એક દિવસ પધારી પોતાના સદ્ધિચારોનો લાભ આપ્યો હતો; શેઠ **જમનાભાઇ ભગુભાઇ** પ્રથમથીજ આવ્યા હતા

આ કોન્ફરન્સનો સવિસ્તર રીપોર્ટ તા. ૧૯મી મે ના "**જૈન**" માં આવેલ હોવાથી તેમજ સ્થળસંકોચના કારણથી અમો લઇ શકતા નથી, પરંતુ ત્યાંથી વાંચી લેવા ભલામણ કરીએ છીએ. પહેલા દિવસે પ્રારંભમાંજ પ્રમુખની નીમનોક કરવામાં આવી હતી અને સબજેકટો પ્રથમથી મુકરર કરેલા હોવાથી સબજેકટ કમીટી નીમી નહોતી. પહેલા દિવસના બંને પ્રમુખોનાં ભાષણો બહુ અસરકારક છે. મી. ગુલાબચંદજી હિંદુસ્થાનીમાં બહુ સરસ વક્તૃત્વપણું ધરાવે છે. તેઓ હમણા હમણા આપણા વર્ગમાં બહુ જાણીતા થયેલ છે. તેમના પ્રત્યે જૈનકોમ અંતઃકરણની પ્રીતિ ધરાવે છે. એઓના અંતઃકરણના ઉદ્ગારો શ્રોતાઓને અસર કરવાને પૂરતા હતા. બીજા અને ત્રીજા દિવસની બેઠકમાં એકંદર **૧૫** ઠરાવો નીચે પ્રમાણેના પસાર કર્યા હતા.

૧ નામદાર શેહેનશાહનું શાંતિયુક્ત રાજ્ય અમર તપો.

૨ ત્રણ કોન્ફરન્સમાં પસાર થયેલા ઠરાવોમાં સંમતિ.

૩ કોન્ફરન્સના કાર્યમાં મદદ આપનાર મુનિરાજોનો આભાર-મુખ્યત્વે **મુનિ બુદ્ધિસાગરજી**ના પ્રયાસનું આ પરિણામ હોવાથી તેમનો વિશેષ આભાર.

૪ કેળવણીની વૃદ્ધિની આવશ્યક્તા. તેના પાંચ પ્રકાર.

૧ ધાર્મિક શિક્ષણ માટે શાળાઓ.

૨ અમદાવાદ મુંબઇ જેવા શેહેરોમાં બોર્ડીંગો.

૩ ઉંચી કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશીપો.

૪ શ્રી બનારસ જૈન પાઠશાળાને ઉત્તેજન.

૫ ઉદ્યોગ હુન્નરાદિની કેળવણી માટે પરદેશ ગમન.

આ દરખાસ્ત પસાર થતાં અમદાવાદમાં **જૈન બોર્ડીંગ** સ્થાપવા બાબત ફંડ કરવાનું ઠર્યું, ફંડની શરૂઆત કરવામાં આવી. રૂ.૧૭૩૩) તરતજ ભરાયા, અને આગળ કામ શરૂ રાખવા કમીટી નીમી.

૫ નિરાધાર જૈનોને આશ્રય આપવો. ઉદ્યોગે ચડાવવા તે બાબત આગેવાનોને અરજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ હાનીકારક રીવાજો જેવાં કે બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય, દીત્રીયા, ફટાણા, મૃત્યુ પાછળ જમણ, અન્ય શાસ્ત્રાધારે લગ્નાદિ વિધિ-ઇત્યાદિ બંધ કરવા ભલામણ.

૭ અંદર અંદરની તકરારો પંચદ્વારા પતાવવાનું ધોરણ વિશેષ પ્રચલિત કરવા આગ્રહ.

૮ પાંજરાપોળમાં ડાક્ટર તથા દવા વિગેરેની ગોઠવણ કરવાની આવશ્યકતા.

૯ કચકડાં, પીંછા વિગેરે જનાવરોના અંગોપાંગાદિથી નિષ્પન્ન થતી વસ્તુઓ નહીં વાપરવા ભલામણ.

૧૦ ધર્માદા ખાતાના હિસાબો ચોખ્ખા રાખવા તથા પ્રગટ કરવાની આવશ્યકતા.

૧૧ જીર્ણ ચૈત્યોદ્ધારની જરૂરીઆત.

૧૨ જીર્ણ પુસ્તકોદ્ધાર અને ભવ્ય જૈન પુસ્તકાલયો સ્થાપન કરવા ખાસ ભલામણ.

૧૩ જ્ઞાતિમાં તડ, વિભાગ વિગેરેથી દેખાતો કુસંપ દૂર કરી સંપ વધારવા આગ્રહ.

૧૪ પાલીતાણા દરબારે હાલમાં બીજાઓ પાસે આશાતના કરાવવાની મતલબથી ભરેલાં પગલાં બાબત ખેદ, સદરહુ ઠરાવની નકલ યોગ્ય સ્થાનકે મોકલવાનો ઠરાવ અને ધર્મ વિરૂદ્ધ વર્તન ચલાવનાર ભાટ લોકો સાથે કોઇ પણ પ્રકારનો વહેવાર ન રાખવાની સખ્ત ભલામણ.

૧૫ પાલીતાણા ઠાકોર સાહેબના અઘટિત વર્તન સંબંધી પોકાર ઉઠાવી ખરી હકીકત બહાર લાવનાર પત્રકારોનો આભાર.

ઇત્યાદિ ઠરાવો પસાર કર્યા બાદ છેવટે પ્રમુખ સાહેબનો, ડેલીગેટોનો, વોલંટીયરોનો તેમજ કોન્ફરન્સના મદદગાર જાહેર પત્રકારોનો આભાર માનવા સંબંધી સામાન્ય ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ત્રીજે દિવસે ૧૩ મો ઠરાવ પસાર થયા પછી વચમાં **હીસાર અનાથાશ્રમ** તરફથી આવેલા ઉપદેશક **લાલા ચીરંજીવીલાલે** સદરહુ આશ્રમનો ટુંક હેવાલ જણાવવા સાથે એક સારૂં ભાષણ કર્યું હતું અને **શેઠ લાલભાઇએ** પણ કોન્ફરન્સની આવશ્યક્તા, તેનું ખરૂં સ્વરૂપ, ધીમે ધીમે આગળ વધવાની ભલામણ, જેમ બને તેમ ઓછા ખર્ચે એકઠા મળવા સંબંધી આગ્રહ, જુના નવા વિચારને મેળવીને કામ લેવાની જરૂર વિગેરે બાબતો બહુ સારી રીતે સમજાવી હતી.

છેવટે સર્વના આનંદ વચ્ચે મેળાવડો બરખાસ્ત થયો હતો. અને મી. ગુલાબચંદજી ત્યાંથી મુંબઇ તરફ રવાને થયા હતા. ડેલીગેટો પોતપોતાને ગામે પધાર્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्तमान समाचार.

**પાલીતાણા વર્તમાન**—હાલમાં પાલીતાણા સંબંધી નવા સમાચાર જાણવા જૈનવર્ગ ઘણો ઉત્સુક થઈ રહેલો છે. આપણા પૂજા કરતા બારોટલોકોએ આપણા નોકરો તેમજ મુનિરાજ વિગેરેપર માંડેલા કેસ ઘણા દિવસ સુધી ચાલી હાલમાં બંધ રહેલો છે. જુનની ૧૦ મી તારીખથી મુલતવી છે. બારોટલોકોએ પોતાની જુબાનીમાં કેવી ઢબ વાપરી છે તે તેઓની આપેલી જુબાની મુંબઈસમાચાર તથા સાંજવર્તમાન વિગેરેમાં છપાય છે તે ઉપરથી સમજી શકાય તેમ છે. તેમના વકીલ પરશોતમદાસનું પાણી પણ તેમને આપેલી પહેલી જુબાનીમાં જણાઈ આવ્યું છે. આ કેસનું શું પરિણામ આવે છે તે જાણ્યા આગાઉ હાલ તે બાબતમાં વધારે લખવાની જરૂર નથી, પરંતુ બારોટલોકોએ જસકોરની ધર્મશાળાવાળાંહેના દેરાસરમાં જબરાઈથી પ્રવેશ કરી તેમાંનો કેસર સુખડનો ભંડાર તોડવાનું જે ઉદ્ધતપણું અને કાયદા વિરુદ્ધ પગલું ભર્યું છે તેને માટે જેટલું લખીએ તેટલું થોડું છે. આપણાજ ખાનપાનથી ઉન્મત્ત થયેલા બારોટલોકોનું ધોળે દહાડે ધાડ પાડવારૂપ આ વર્તન જૈનવર્ગને શું કરવાનું સૂચવે છે તે સુજ્ઞ જૈનોએ પોતેજ વિચારવાનું છે. 'વિનાશકાળે વિપરિત બુદ્ધિ' તે આનુંજ નામ, અને વિપરિત બુદ્ધિવાળાને સહાય આપવી તે મહા મૂર્ખનુંજ કામ.

**પાલીતાણાનું મહાજન ને નવકારશી**—પાલીતાણાના મહાજને મહુવાની આખી વીશાશ્રીમાળીની નાત સાથે વ્યવહાર તોડવાનું જે ઉતાવળું પગલું ભરેલું છે તે સંબંધમાં દિનપ્રતિદિન તેઓ એવા પગલાં લે છે કે આખા જૈન સમુદાયની પોતા વિરુદ્ધ લાગણી તેઓએ ઉશ્કેરવા માંડી છે. ફાગણ શુદિ ૧૩ શે છ ગાઉની પ્રદક્ષિણા કરીને આવેલા યાત્રાળુઓની ભક્તિ કરવા માટેના સ્વામીવચ્છળમાં ભંગ પાડ્યો. કારખાનાનો સામાન ઉપડાવ્યો, જમાડનાર યાત્રાળુનું મન ભંગ કર્યું. છેવટે વૈશાખ વદિ ૬ ની વર્ષગાંઠને દિવસે શેઠ આણંદજી કલ્યાણજીની ખાસ મનાઈ છતાં માત્ર મહુવાના શ્રાવકો પ્રત્યેના દ્વેષની લાગણી જાહેરમાં મુકવા માટે અને બારોટો તેઓ માગતા છે અથવા બાર તેઓની મારફત છે એમ દેખાડી આપવા સારૂ તેમની સાથે ખાનગી રીતે સમજણ કરીને કારખાનાના માણસોના ઉપરનું ઉલ્લંઘન કરી પોતાના દુકાને બેસી નવકારશીના નોતરાં દીધાં અને કારખાનાના નોકરો કે યાત્રાળુઓ શિવાય પોતે જમી મનમાં આનંદ અને ગર્વ માની લીધો. આમાં કેટલા પ્રકારની ગેરવ્યાજબીપણું સમાયેલું છે તે દરેકનું સ્પષ્ટિકરણ કરવાની અત્ર આવશ્યકતા નથી. વાંચનાર બંધુને પોતાનેજ તેનો વિચાર કરવાનું સોંપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તક ભંડારના વ્યવસ્થાપકો તથા મુનિરાજ પ્રત્યે વિજ્ઞપ્તિ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ, પર્વ પહેલું, શ્રી આદિશ્વર ચરિત્ર. બાબુસાહેબ રાયબુદ્ધસિંહજી બહાદુર તથા શેઠ વિરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઇ. ની દ્રવ્ય સંબંધી સંપૂર્ણ મદદથી અમારી તરફથી બહાર પાડવામાં આવેલ છે અને બીજું પત્ર તૈયાર થવા આવ્યું છે. તેમજ આખું ચરિત્ર (દશે પર્વ) એઓ સાહેબના આશ્રયથીજ બહાર પાડવામાં આવનાર છે. અને તેની એકેક નકલ દરેક પુસ્તક ભંડારમાં મુકવા માટે આપવાનું તેમજ સંસ્કૃતના અભ્યાસી દરેક મુનિરાજને ભેટ આપવાનું મુકરર કરવામાં આવ્યું છે. તેથી વિનંતી કરવાની કે તેઓ સાહેબે પત્રદ્વારા મંગાવી લેવાની કૃપા કરવી. આ ગ્રંથ અત્યુત્તમ હોવા સાથે ઘણા મોટા પ્રમાણવાળો (૩૫૦૦૦ શ્લોકનો) છે અને તે બનતી રીતે વિશેષ શુદ્ધ કરી નિર્ણયસાગર જેવા શ્રેષ્ઠ પ્રેસમાં જૈની ટાઇપથી છપાવવામાં આવે છે. જૈન બંધુઓને આ ગ્રંથ બહાર પડવાથી અસાધારણ લાભ મળવાનો છે. વેચાણ મંગાવનારાઓને પણ લગભગ પડતી કિંમતેજ આપવાનું ઠરાવ્યું છે. પહેલા પર્વનું બાઇન્ડીંગ સહિત રૂ૧) રાખવામાં આવેલો છે. જૈનશૈલીનું તેમજ સંખ્યાબંધ શબ્દોનું જ્ઞાન મેળવવા માટે આ ગ્રંથ ખાસ ઉપયોગી છે. વિશેષ લખવાની આવશ્યક્તા નથી.

---

### લવાજમની પહોંચ.

| | |
|---|---|
| ૧—૪ વોરા લલુભાઇ ગીરધરલાલ | ૧—૪ શા મગનલાલ જીરાવલાં |
| ૧—૧૫ શા ગબુભાઇ નીહાલચંદ | ૧—૪ શા નાથાભાઇ લવજી |
| ૨—૮ શા જેઠાભાઇ ગુલાબચંદ | ૧—૪ શા લવજી નથુ |
| ૨—૮ શા સરદારમલ જ્ઞાનચંદજી | ૨—૮ દડીયા મુળજી હીરજી |
| ૨—૮ શીરોહીથી | ૧—૦ દોશી નથુ લખમીચંદ |
| ૨—૮ પારેખ દીપચંદજી | ૩—૧૪ મેતા જીણા લાલજી |
| ૧—૮ પારેખ જેઠાલાલ સાંકળ | ૧—૪ શા જમનાદાસ મોરારજી |
| ૧—૦ શ્રી આર્ટન લાઇબ્રેરી | ૧—૪ શા લીલાધર પ્રેમજી |
| ૧—૭ સંઘાણી ભાયચંદ તલકશી | ૧—૪ શા વલભજી રાજુભાઇ |
| ૧—૪ શા નાગરદાસ રવજી | ૧—૪ શા જીવરાજ ડાયા |
| ૧—૪ શા બાલારામ વીરચંદ | ૩—૧૪ વાસા સોમચંદ ભીમજી |
| ૧—૪ શા છગનલાલ મગનચંદ | ૩—૧૪ શા લખમીચંદ હીરાચંદ |
| ૧—૪ શા ગુલાબચંદ નેમચંદ | ૧—૪ શા ગણેશ વેલજી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨—૮ શા દેવકરણ ઝવેરચંદ
૫—૦ શા રતનજી પ્રેમચંદ
૧—૪ શા રતનજી જીવણદાસ
૧—૪ શા સુંદરજી હરચંદ
૨—૮ શા લખમીદાસ દેવચંદ
૨—૮ માસ્તર મગનલાલ હેમજી
૨—૮ શા માનસંગ મુળચંદ
૧—૪ શા કાળીદાસ નારણજી આગજી
૧—૪ શા જમનાદાસ દામજી
૧—૪ શા હીરજી ગંગાધર
૧—૪ દોશી કાળીદાસ દેવકરણ
૨—૮ વકીલ ઓધવજી પ્રાગજી
૦—૧૦ માઝની શીરાજ સોમજી
૧—૪ વકીલ નાગજી મદનજી
૧—૪ શા રાયચંદ દેવરાજ
૧—૪ શા પોપટ નાગજી
૨—૮ શા મુળજી ભુલચંદ
૩—૧૪ ઠક્કર સુંદરજી કાળીદાસ
૨—૮ મેતા જગજીવન બાધજી
૧—૪ શ્રી વિક્ટોરીયા જ્યુબીલી
૧—૪ ચોકસી ઓઘડ કાળીદાસ
૧—૪ શા મોતીચંદ નાનજી
૨—૮ શા મગનલાલ પુંજાવત
૬—૪ શા પ્રેમચંદ જેચંદ
૧—૪ શા કેસરીમલજી ઉદેચંદજી
૧—૪ શા અમીચંદ જીણાભાઇ
૩—૧૪ શા ફુલચંદ જેસંગ
૧—૭ લાલણરાય મલકનજી
૧—૪ પારેખ તલકચંદ જેચંદ
૧—૪ શા ડાયા જીણા
૧—૪ શા ગોવનજી કરસન
૧—૪ મહેતા નાથાલાલ શંભુલાલ
૧—૪ શા હાથીભાઇ ઝવેરચંદ
૧—૪ શા શીવલાલ ખુશાલ
૧—૪ શા ભાવલાલ પ્રેમચંદ
૧—૪ શા મગનલાલ હલોચંદ
૧—૪ મોદી ગોરધન રામજી
૩—૧૨ વોરા ભીમાચંદ હીરાચંદ
૧—૧૨ શા નાગરદાસ બહેચરદાસ
૧—૪ શા પ્રેમજી કેશવજી

૧—૪ શા માણેકચંદ પાનાચંદ
૧—૪ શેઠ અમૃતલાલ છગન
૧—૪ ગાંધી વીરચંદ અમરશી
૧—૪ મુનિ દેવવિજયજી
૧—૪ મેતા જેઠાભાઇ પીતાંબર
૧—૪ ધીઆ કુનણજી કપુરચંદજી
૧—૪ શા સરૂપચંદ કેવળદાસ
૨—૧૧ શા કુંવરજી શામજી
૩—૧૪ શા વખતાજી ભાવાજી
૧—૪ શા મંગળદાસ ગોરધનદાસ
૧—૪ રા.રા. મોહનલાલ જીવણલાલ બેરીસ્ટર એટ લૉ
૧—૪ શા મોહનલાલ બાવાભાઇ
૧—૪ શા ઘેલાભાઇ વનમાળીદાસ
૦—૧૨ શા વર્ધમાન દામજી
૧-૦-૬ શા નથુભાઇ નાગશી
૫-૨-૬ શા હરજી રાજાજી
૦—૪ દોશી નાગર દેવચંદ
૨-૮-૬ શા જેઠાભાઇ આણંદજી
૧—૪ શા વીરચંદ ધારશી
૨—૮ શા મગનલાલ જેઠીરામ
૨—૮ ડાકટર મોતીલાલ મંછાચંદ
૧—૪ શેઠ રખમાજી નેમચંદ
૧—૪ શા બહેચર મનુભુજ
૧—૪ પારી. ડોસાભાઇ રામજી
૧—૪ શા નાથાલાલ મોહનલાલ
૧—૪ શા ગોરધનદાસ બહેચરદાસ
૧-૭-૬ શેઠ બાપુભાઇ ડાયાભાઇ
૨—૦ શા જેઠા ઇચ્છાજી
૧—૪ સલોત ગીરધર માવજી
૩—૧૪ દોશી કુંવરજી ભીખાભાઇ
૧—૪ શ્રી વઢવાણ શહેર જૈનશાળા
૧—૪ શા છગનલાલ દલસુખરામ
૧—૪ શ્રી જૈન મિત્રમંડલ લાયબ્રેરી
૧—૪ શા કાળીદાસ રાયચંદ
૧—૦ શા ડાહ્યાશી મીઠા
૧—૪ શા મોતીરામ નાનચંદ
૧—૪ શેઠ ધારશી ધરમશી
૨—૮ શા માનચંદ નગાજી

For Private And Personal Use Only